# ગુજરાત જાહેર સેવા આયોગ

## <u>અગત્યની સૂચના</u>

**<u>સરકારી હોમિયોપેથી કોલેજોમાં વિવિધ વિષયના એસોસિએટ પ્રોફેસર / રીડરની જગ્યા માટે અરજીપત્રક મોકલી આપવા બાબત. (જા.ક્ર. ૫૬/૨૦૧૮-૧૯ થી જા.ક્ર. ૬૨/૨૦૧૮-૧૯)</u>**

<u>સરકારી હોમિયોપેથી કોલેજોમાં વિવિધ વિષયોના એસોસિએટ પ્રોફેસર / રીડર વર્ગ-</u> ની જગ્યા પર ભરતી કરવા માટે આયોગ ધ્વારા **તારીખ-૧૫/૦૯/૨૦૧૮** ના રોજ નીચે મુજબ જાહેરાત પ્રસિધ્ધ કરવામાં આવી છે.

| ક્રમ | જાહેરાત ક્રમાંક | જગ્યાનુ નામ |
|---|---|---|
| ૧ | ૫૬/૨૦૧૮-૧૯ | એસોસિએટ પ્રોફેસર, હોમિયોપેથિક મટીરીયા મેડિકા |
| ૨ | ૫૭/૨૦૧૮-૧૯ | એસોસિએટ પ્રોફેસર, હોમિયોપેથિક ફાર્મસી |
| ૩ | ૫૮/૨૦૧૮-૧૯ | એસોસિએટ પ્રોફેસર, હોમિયોપેથિક ઓર્ગેનન ઓફ મેડિસિન |
| ૪ | ૫૯/૨૦૧૮-૧૯ | એસોસિએટ પ્રોફેસર, પેથોલોજી એન્ડ માઇક્રોબાયોલોજી |
| ૫ | ૬૦/૨૦૧૮-૧૯ | એસોસિએટ પ્રોફેસર, ફિઝિયોલોજી ઇન્કલુડીંગ બાયોકેમેસ્ટ્રી |
| ૬ | ૬૧/૨૦૧૮-૧૯ | એસોસિએટ પ્રોફેસર, એનાટોમી |
| ૭ | ૬૨/૨૦૧૮-૧૯ | એસોસિએટ પ્રોફેસર, ફોરેન્સિક મેડીસીન એન્ડ ટોક્ષીકોલોજી |

ઉક્ત જાહેરાતો અનવ્યે, દર્શાવેલ સંખ્યા સામે પ્રમાણમાં ખૂબ ઓછી અરજીઓ નોંધાતા, આયોગે પ્રાથમિક કસોટી યોજતા પૂર્વે ઉમેદવારો પાસેથી ઑનલાઇન કન્ફર્મ થયેલ અરજીપત્રક અને જાહેરાતની જોગવાઇ પ્રમાણે જરૂરી દસ્તાવેજો / પ્રમાણપત્રોની નકલ **તારીખ-૨૦/૧૧/૨૦૧૮ સુધીમાં** આયોગની કચેરીને મળી જાય તે રીતે મગાવવાનો નિર્ણય કરેલ છે. જેના અનુસંધાને ઉમેદવારોને અલગથી પત્ર પણ લખવામાં આવેલ છે. ઑનલાઇન કન્ફર્મ થયેલ ઉમેદવારોએ પોતાના કન્ફર્મ થયેલ અરજીપત્રકની નકલ, પત્રમાં દર્શાવ્યા મુજબના દસ્તાવેજો / પ્રમાણપત્રો પૈકી લાગુ પડતા દસ્તાવેજો/પ્રમાણપત્રોની નક્લ સાથે **તારીખ-૨૦/૧૧/૨૦૧૮ સુધીમાં આયોગની કચેરીને મળી જાય તે રીતે મોકલી આપવા જણાવવામાં આવે છે.** <u>ઑનલાઇન કન્ફર્મ થયેલ અરજીપત્રકની નકલ સિવાય માત્ર જરૂરી દસ્તાવેજો મોકલી આપવામાં આવશે, તો તે અરજી ધ્યાને લેવામાં આવશે નહિ, તેની ખાસ નોંધ લેશો. જો આપની પાસે ઓન લાઇન કન્ફર્મ થયેલ અરજીપત્રક ન હોય તો આયોગની કચેરીમાં રૂબરૂ આવી રોકડા રૂ. ૩૦૦/ ભરી ઓન લાઇન કન્ફર્મ થયેલ અરજીપત્રક મેળવી લેશો.</u>

**તારીખ-૦૩/૧૧/૨૦૧૮**